# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૨૩–૬–૨૦૨૨ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૬–૨૦૨૨ નો પત્ર, તા.૧૦–૪–૨૦૨૨ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૬–૨૦૨૨ નો પત્ર, તા.૧૭–૪–૨૦૨૨ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૬–૨૦૨૨ નો પત્ર, તા.૨૪–૪–૨૦૨૨ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૬–૨૦૨૨ નો પત્ર, તા.૧–૫–૨૦૨૨ ના રોજ પૂરા થતા અઠવાડીયાનો આગ–અકસ્માતનો અહેવાલ જાણ માટે રજુ.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૨ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલના રોજીંદા વપરાશમાં આવતી તમામ દવાઓ, ઈન્જેકશન, સર્જીકલ્સ વિગેરેનો પર્યાપ્ત માત્રામાં સપ્લાય જળવાઈ રહે તેમજ ૨૦૨૨–૨૩ ના વર્ષની વાર્ષિક ડીમાન્ડ મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ હોય જે પ્રગતિ હેઠળ હોય, જે ધ્યાને લઈ તેઓની પ્રાપ્ત થયેલ ડીમાન્ડ અન્વયે સ્થા.સ.ઠ.નં.૯૮૫/૨૦૨૦, ઠ.નં.૭૪/૨૦૨૧ અને ઠ.નં.૧૨૪૨/૨૦૨૧ થી મંજુર થયેલ ટેન્ડરરો પાસેથી દરખાસ્તના કોષ્ટકમાં જણાવેલ વિગતે કુલ ૪૭ આઈટમો, જે તે ટેન્ડરની વેલીડીટી પૂર્ણ થાય ત્યાં સુધી તે સામે જણાવેલ રકમના ખર્ચે ખરીદવા તેમજ સદર ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૨ નો પત્ર, સુરત શહેરની જાહેર જનતાને આરોગ્ય સુખાકારી માટે એમ્બ્યુલન્સ/શબવાહિનીઓની સેવા આપવા વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ ધોરણે ૭ એમ્બ્યુલન્સ તથા ૧૪ શબવાહિનીઓ પાંચ વર્ષના સમયગાળા માટે ભાડેથી મેળવવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ૭ એમ્બ્યુલન્સ માટે ઓછા ભાવ ભરનાર ઈજારદાર જે. કે. દેસાઈ, સુરતને એક એમ્બ્યુલન્સ વાનના ૩૦૦૦ કિ.મી./માસ માટે માસિક રેન્ટલ બેઈઝ રૂા.૧,૧૫,૮૩૮/– (૭ એમ્બ્યુલન્સ માટે વાર્ષિક રેન્ટલ ચાર્જ રૂા.૯૭,૩૦,૩૯૨/–) અને ૧૪ શબવાહિનીઓ માટે ઓછા ભાવ ભરનાર ઈજારદાર કે. ડી. દેસાઈ, સુરતને એક શબવાહિનીનો ૩૫૦૦ કિ.મી./માસ માટે માસિક રેન્ટલ ચાર્જ રૂા.૧,૧૯,૬૫૯/–(૧૪ શબવાહિનીઓ માટે વાર્ષિક રેન્ટલ ચાર્જ રૂા.૨,૦૧,૦૨,૭૧૨/–) તમામ વેરા, ડયુટી, સર્વિસ ટેક્ષ વિગેરે સહિતના ખર્ચે ઉકત કામગીરી પાંચ વર્ષ માટે સોંપવા તથા ભવિષ્યમાં સદર ભાવે અને ટેન્ડરની શરતોને આધિન એમ્બ્યુલન્સ/શબવાહિનીઓની સંખ્યામાં વધારો/ઘટાડો કરવા તેમજ ભવિષ્યમાં વધુ એમ્બ્યુલન્સ/શબવાહિનીઓ મેળવવાની જરૂરીયાત જણાય તો સદર ભાવે અને ટેન્ડરની શરતોને આધિન એમ્બ્યુલન્સ/શબવાહિનીઓ ભાડે મેળવવા તથા ઈજારદારો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, ફલાય ઓવર બ્રીજની નીચે આવેલ મજુરા જંકશનથી જુની સબજેલ જંકશન સુધી 'પે એન્ડ પાર્ક' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર વાસુ ડેવલોપરને મીનીમમ ઓફસેટ પ્રાઈસ રૂા.૪૨,૬૦,૦૦૦/– થી ૧૦.૮૩% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૭,૭૭,૮૬૦/– ની વાર્ષિક લાયસન્સ ફી થી ઉકત કામનો ઈજારો સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન(સરથાણા), મોટા વરાછા–ઉત્રાણ તેમજ નવા સમાવિષ્ટ ગામોમાં આવેલ જુદા જુદા રીઝર્વેશન પ્લોટો પર જી.આઈ. ચેઈનલીંક ફેન્સીંગ, એમ.એસ. ગ્રીલ, બાર્બેડ વાયર ફેન્સીંગ તથા કરસેન્ટીના કોઈલ ફેન્સીંગ કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર રાધે કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૮,૪૮,૫૬૯–૧૦ થી ૫.૫૦% નીચુ એટલે કે રૂા.૨૬,૯૧,૮૯૭–૭૯ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન(સરથાણા), ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૮, ૨૧, ૨૨, ૫૮, ૪૭–પાર્ટ તથા ૮૫ તેમજ નવા સમાવિષ્ટ ગામો(ભાદા, વાલક તથા પાસોદરા) માં જી.આઈ. ચેઈનલીંક ફેન્સીંગ, બાર્બેડ ફેન્સીંગ તથા કોઈલ ફેન્સીંગ કરવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર રાધે કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૯,૨૯,૬૭૧–૭૦ થી ૫.૫૦% નીચુ એટલે કે રૂા.૨૭,૬૮,૫૩૯–૭૬ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા), ટી.પી.સ્કીમ નં.૧૬(કાપોદ્રા), ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), ટી.પી.સ્કીમ નં.૧૨(પુણા) તથા ટી.પી.સ્કીમ નં.૩૪(મગોબ), ડી.ટી.પી.એસ.નં.૩૫ (કુંભારીયા–સારોલી–સણીયા–હેમદ–દેવધ) તથા અન્ય ટી.પી.સ્કીમમાં મહા.ની વિવિધ શાળાઓના મરામત અને નિભાવ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૨૧૩/૨૦૨૧ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવો અને શરતોને આધિન કરવા સંમતિ આપનાર કુલ–૨ ઈજારદારો (૧) રાધે કન્સ્ટ્રકશન અને (૨) મેસર્સ એમ.બી.ડોબરીયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૨,૩૪,૩૧૨–૧૪ થી ૨૨.૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૫,૧૯,૫૨૯–૧૬ (GST સહિત) ના ખર્ચની મર્યાદામાં સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર, સરકારશ્રીના નાણાં વિભાગના તા.૮–૪–૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક નં.GHN-35-PFT-2022-S.3(2)(10) TH થી આર.સી. વ્યવસાયવેરા શીડયુલ નં.૧(અ) અને (બ) ના લાગુ દર રૂા.૮૦/– અને રૂા.૧૫૦/– રદ કરી ફકત રૂા.૧૨,૦૦૦/– થી વધુ માસિક પગાર પ્રમાણે રૂા.૨૦૦/– ના દર મુજબ આર.સી. વ્યવસાયવેરાની વસુલાતનો દર તા.૧–૪–૨૦૨૨ થી અમલ કરવામાં આવેલ જેની જાણ લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, સેન્ટ્રલ ઝોનના ઉત્તર વિસ્તારમાં અલગ–અલગ જગ્યાએ વરસાદી લાઈન બદલવા, ઈનલેટ ચેમ્બર, મશીનહોલ વિગેરેના મેઈન્ટેનન્સ અને રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી જોગારામ એમ. સેનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૭૭,૮૧,૬૦૪–૫૬ થી ૧૫% ઉંચુ એટલે કે રૂા.૮૯,૪૮,૮૪૫–૨૪ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, મહા.ની હદ વિસ્તારમાં વસતિ ગણતરી–૨૦૨૧ ની કામગીરી અન્વયે ૬૬(છાસઠ) T.A. (ટેકનીકલ આસીસ્ટન્ટસ) અને ૨(બે) M.T.S. (મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ) પુરા પાડવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર ગુજરાત ઈન્ફોટેક લીમીટેડ, અમદાવાદને ૧૮ માસ માટે અંદાજીત રૂા.૨,૪૨,૬૪,૦૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, ડ્રેનેજ ખાતાના ખાતાકીય રાહે ચાલતા વિવિધ સુએઝ પંપીંગ સ્ટેશનો ખાતે 'એકવા' મેઈક નોન કલોગ સુએઝ સબમર્શીબલ પંપસેટના રીપેરીંગ/ઓવરહોલીંગની કામગીરી સ્થા.સ.ઠ.નં.૧૧૪૫/૨૦૨૦ અને ઠ.નં.૧૧૦૦/૨૦૨૧ થી મંજુર થયેલ ભાવો અને શરતોએ તા.૧૮–૧૨–૨૦૨૨ સુધીના મંજુર પ્રાઈઝ લીસ્ટ મુજબ વાર્ષિક ઈજારાના ધોરણે ઓરીજીનલ ઈકવીપમેન્ટ મેન્યુફેકચરર 'એકવા' મશીનરીઝ પ્રા. લિ., અમદાવાદ પાસે વધુ કુલ રૂા.૫૦,૦૦,૦૦૦/– ની મર્યાદામાં તા.૧૮–૧૨–૨૦૨૨ સુધી ઉકત કામગીરી કરાવવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તેમજ ઉકત કામે સીધે સીધા OEM પાસેથી ભાવો મંગાવવામાં આવેલ હોય ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન વિસ્તારમાં જુદા જુદા જાહેર રસ્તાઓ પર નિયત લોકેશનો પર જાહેરાતોના બોર્ડ(હોર્ડિંગ્સ) ઉભા કરી, સ્ટ્રીટ લાઈટ પોલ પર કિયોસ્ક મુકી તથા સીટી બસ માટેના બસ સ્ટેન્ડ ઉપર જાહેરાતોના બોર્ડ ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો ૩(ત્રણ) વર્ષની મુદત માટે ફાળવણી કરવા માટે સ્થા.સ.ઠ.નં.૧૨૯૨/૨૦૧૭ મુજબ એડવિઝન એ.એમ.સી. આઉટડોર મિડીયા મેનેજમેન્ટ યુનિટ ધ્વારા ટેન્ડર નોટીસથી ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની પ્રક્રિયા મુજબ આવેલ કુલ–૫ બીડરો પૈકી દરખાસ્તના રીવાઈઝડ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ અનુ.નં.(૧), (૨), (૩), (૬), (૯), (૧૪) અને (૧૫) હેઠળના ટેન્ડર/પેકેજ માટે વાર્ષિક લાયસન્સ ફી ની મહત્તમ ઓફર આપનાર ઈજારદારશ્રીઓની ઓફરોને ધ્યાને લઈ તેઓને ઉકત કામગીરી સોંપવા તથા ઈજારદારો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૧, ૬૨ તથા ૬૯ (દક્ષિણ) માં જુદી જુદી જગ્યાએ ડ્રેનેજ લાઈનના મશીનહોલ, ઈનલેટ ચેમ્બર બનાવવા, પાઈપો બદલવા, લંબાવવા તથા મેઈન્ટેનન્સ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર દેવલ આર હિંગરાજીયાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૧,૭૨,૮૫૫–૩૦ થી ૨.૦૭% નીચુ એટલે કે રૂા.૪૦,૮૬,૪૭૭–૨૦ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૬–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર), ફા.પ્લોટ નં.૪ (પાલનપોર ગામ પાસે) ખાતે આવેલ ન.પ્રા.શાળા ક્રમાંકઃ૩૧૮ (હયાત G+1) ના મકાનમાં બીજો માળ વધારવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર આર્શીવાદ કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૦૫,૬૯,૦૭૯–૧૪ થી ૨૬.૯૧% ઉચુ એટલે કે રૂા.૧,૩૪,૧૩,૨૧૮–૩૪ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. રૂ.વૈ.રા. અને તં.વ.સ.ઠ.નં.૭૩/૨૦૨૨, અ.નં.૧ અને ૨ માં જણાવેલ મહા.ના કર્મચારીઓ/ અધિકારીશ્રીઓ/સભ્યશ્રીઓ/માજી સભ્યશ્રીઓ/પેન્શનરો તથા તેમના આશ્રિતો વિગેરેએ મહા. સંચાલિત હોસ્પિટલો, દવાખાનાઓ સિવાયની ખાનગી હોસ્પિટલોમાં મેળવેલ સારવાર અંગે થયેલ ખર્ચ ઠરાવમાં જણાવેલ વિગતે ચુકવવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૬–૫–૨૦૨૨ નો પત્ર, ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૬૪ પૈકી ખાતે મહા. સંચાલિત સ્મીમેર હોસ્પિટલ કેમ્પસમાં આવેલ હાઈડ્રોલિક કવાટર્સ–૧ અને ૨ ઉતારી પાડવાના કામે દરખાસ્તમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ મા.સા.સ.ઠ.નં.૪૪૬/૨૦૨૦ થી નિયત કરવામાં આવેલ કાર્યપધ્ધતિ અનુસાર લેખિત સમંતિ આપનાર સુરત ગ્રીન પ્રિકાસ્ટ પ્રા.લિ.ને અંદાજી સ્ક્રેપ વેલ્યુ રૂા.૧,૭૩,૩૧૬/– થી ૩૫૪.૦૪% ઉચુ એટલે કે રૂા.૬,૧૩,૬૦૦/– નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૦–૬–૨૦૨૨.

ANAHITA.